ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૭/૨૧-૨૨/ 3795 તારીખ : 23 DEC 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૫૭/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા,**
**રહે.મોટા શેઢાયા,**
**તા.ઉના,**
**જી.ગીર સોમનાથ,**
**મો.નં- ૯૭૨૫૪ ૫૦૬૯૭**

**વિષય : અમારા પર્સનલ ટ્રાન્સફોર્મરમાંથી અન્ય ને જોડાણ ન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૫/૧૦/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૧૦/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૧-૨૨/૩૧૫૭ તા.૨૫/૧૦/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૧-૨૨/૩૨૭૫ તા.૦૧/૧૧/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૧-૨૨/૩૫૨૮ તા.૨૯/૧૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૯/૧૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી-૧, ઉના.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૭/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા,**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૯/૧૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી ગેરહાજર.**

પ્રતિવાદી :– **શ્રી બી.બી. માંણાવદરીયા, કાર્યપાલક ઇજનેરશ્રી, વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા, મું.મોટા ડેસર, તા.ઉના, જી.ગીર સોમનાથ, ની અમારા પર્સનલ ટ્રાન્સફોર્મર માંથી અન્ય ને જોડાણ ન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૭/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૭/૨૧–૨૨/૩૧૫૭ તા.૨૫/૧૦/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૧૧/૨૦૨૧ તથા તા.૦૯/૧૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે **શ્રી બી.બી. માંણાવદરીયા, કાર્યપાલક ઇજનેરશ્રી, વિભાગીય કચેરી, ઉના,** ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા, રે.મું.મોટા ડેસર, તા.ઉના દ્વારા જણાવવામાં આવેલ છે કે, તેઓનું ખેતીવાડી વિજ જોડાણ મું.મોટા ડેસર, તા.ઉના ખાતે અંગત ટ્રાન્સફોર્મર માંથી આવેલ છે.

૧.૨ વાદીશ્રી એ પીજીવીસીએલ માં લોડ વધારા ની માંગણી કરેલ છે. જે મંજૂર થઈ ગયેલ છે.

૧.૩ ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમના ખેતીવાડી વિજ જોડાણ ના અંગત ટ્રાન્સફોર્મર માં નજીકના ખેડૂત ખાતેદારશ્રી રણશીભાઈ ગોવિદભાઈ ભાલીયા ને વિજ જોડાણ આપવું નહી, એમ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ સવિનય ઉપરોકત વાદીશ્રી ની રજૂઆત ના અનુસંધાને જણાવવાનું કે, વાદીશ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા, મું.પો.મોટા ડેસર, તા.ઉના ખેતીવાડી ૭.૫ હો.પા.નું વિજ જોડાણ મું.પો.મોટા ડેસર, તા.ઉના ખાતે ઉના–૧ પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં–૮૪૫૪૪/૦૦૮૩૭/૭ થી ધરાવે છે. જે માટે ૧૦ કેવીએ નું ટ્રાન્સફોર્મર હયાત છે.

૨.૨ તોકતે વાવાઝોડા પહેલા સદર ટ્રાન્સફોર્મર માંથી નજીક ના અન્ય એક ખેડૂત ખાતેદાર શ્રી રણશીભાઈ ગોવિંદ ભાઈ ભાલીયા, ગ્રાહક નં–૮૪૫૪૪/૦૦૪૦૩/૭ થી ૫.૦ (પાંચ) હો.પા. નું વિજ જોડાણ હયાત હતું.

૨.૩ તોકતે વાવાઝોડા બાદ સદર વિજ લાઈન ક્ષતિગ્રસ્ત થયેલ હોય, જે સમારકામ થયા બાદ મૂળભૂત રીતે જ બન્ને વિજ જોડાણ ને સદર ટ્રાન્સફોર્મર માંથી વિજ પુરવઠો આપવા માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. પરંતુ, તેમાં વાદીશ્રી એ વાંધો લીધેલ હતો.

૨.૪ વધુમાં, વાદીશ્રી પોતાના વિજ જોડાણ માં લોડ વધારા માટે અરજી કરેલ હોય, જે અનુસંધાને એસ.આર.નં – ૧૪૭૭૦૯૬ થી ૫(પાંચ) એચ.પી. નો લોડ વધારા માટે નું ભાવપત્રક રકમ રૂા.૬૨૭૨/– નું જાવક નં–૧૭૭૭ તા.૯/૯/૨૦૨૧ થી આપવામાં આવેલ. જે વાદી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ છે. સદર લોડ વધારા માટે પેટા વિભાગીય કચેરી દ્વારા ‘‘ C ’’ કેટેગરીમાં સર્વે કરવામાં આવેલ છે. જેમાં, ટ્રાન્સફોર્મર ૧૦ થી ૨૫ કેવીએ નું કરવામાં આવનાર છે.

૨.૫ જેથી સદર કામગીરી માટે ૨૫ કેવીએ નું ટ્રાન્સફોર્મ મળ્યે, કામગીરી પૂર્ણ કરવામાં આવશે અને બન્ને વિજ ગ્રાહકો ને વાવાઝોડા પહેલા ની સ્થિતિ મુજબ મૂળભૂત રીતે જ પોઈન્ટ ઓફ સપ્લાય બદલ્યા વગર વિજ જોડાણ આપવામાં આવેલ છે.

૨.૬ વાદીશ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા નું ગ્રાહક નં–૮૪૫૪૪/૦૦૮૩૭/૭ વાળું વિજ જોડાણ તેઓશ્રી દ્વારા વર્ષ નવેમ્બર–૨૦૧૨(૨૪/૧૧/૨૦૧૨) માં નોર્મલ એસ.પી.એ. સ્કીમ અંતર્ગત ના ભાવપત્રક ના ૬૩૫૩/– રૂપિયા ભરપાઈ થયા બાદ આપવામાં આવેલ. જેમાં, ફીકસ્ડ ચાર્જ ૫૦૦૦/– સીકયુરીટી ડિપોઝીટ ૧૨૫૩/– એગ્રીમેન્ટ ફી ૧૦૦/– સામેલ છે. આમ, સદર ભાવપત્રક માં ટ્રાન્સફોર્મર ચાર્જ લેવામાં આવેલ નથી. જેથી, વાદીશ્રી દ્વારા સ્વખર્ચે ટ્રાન્સફોર્મર લીધેલ છે અને તે ટીસી ના જંપર કાપી નાંખવાની વાત સત્ય થી વેગળી છે.

૨.૭ વધુમાં, પીજીવીસીએલ દ્વારા આપવામાં આવતા વિજ જોડાણ માટે ના ટ્રાન્સફોર્મર ની માલીકી પીજીવીસીએલ ની જ હોય છે, અને તાંત્રીક રીતે શકયતા તપાસી, પીજીવીસીએલ તે ટ્રાન્સફોર્મર માંથી અન્ય ગ્રાહક ને પણ વિજ જોડાણ આપી શકે છે.

૨.૮ જેથી, વાદીશ્રી ની અંગત ટ્રાન્સફોર્મર માંથી અન્ય ને વિજ જોડાણ ન આપવાની રજૂઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બાંભણીયા, ગામ–મોટા ડેસર, તા.ઉના માં ૭.૫ એચ.પી નું વિજ જોડાણ ગ્રાહક નં–૮૪૫૪૪/૦૦૮૩૭/૭ થી ધરાવે છે.

૩.૨ વાદીનું ખેતીવાડી વિજ જોડાણ ૧૦ કેવીએ ના ઉભું કરેલ હયાત ટ્રાન્સફોર્મર માંથી આપવામાં આવે છે આજ ટ્રાન્સફોર્મર માંથી બીજા વિજ ગ્રાહકશ્રી રણશીભાઈ ગોવિંદભાઈ ભાલીયા નું ૫.૦ એચ.પી નું વિજ જોડાણ જેનો ગ્રાહક નં–૮૪૫૪૪/૦૦૪૦૩/૭ નું આપવામાં આવેલ છે. આમ, ૧૦ કેવીએ ના હયાત ટ્રાન્સફોર્મર માંથી કુલ ૧૨.૫ એચ.પી ના ખેતીવાડી વિજ જોડાણ આપવામાં આવેલ છે.

૩.૩ મે–૨૦૨૧ માં તોકતે વાવાઝોડા ને કારણે વાદી અરજદાર ની લાઈન તેમજ ટ્રાન્સફોર્મર ને નુકશાન થયેલ. ત્યારબાદ, પ્રતિવાદી દ્વારા તે લાઈન તથા ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવેલ. અને વાદી ના વિજ જોડાણ ને પુરવઠો ફરી ચાલુ કરી આપેલ.
૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર માંથી આપવામાં આવેલ રણશીભાઈ ગોવિંદભાઈ ભાલીયા ના વિજ જોડાણ ને તે ટ્રાન્સફોર્મર માંથી વિજ પુરવઠો ચાલુ કરવા માટે વાદી ધીરૂભાઈ એ વાંધો ઉઠાવેલ અને રણશીભાઈ નું જોડાણ ચાલુ કરવા દીધેલ નહી.

૩.૪ વાદી અરજદારે ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓને આપવામાં આવેલ વિજ જોડાણ નું ટ્રાન્સફોર્મર તેઓની પોતાની માલીકી નું છે. તેમજ તેના ટ્રાન્સફોર્મર માટે તેઓએ નાણાં ભરપાઈ કરી આપેલ, તેમજ રણશીભાઈ વારંવાર અમારી લાઈન ના જંપર કાપી નાંખે છે અને તેથી અમારૂં વિજ જોડાણ નો પુરવઠો બંધ રહે છે. તેથી, રણશીભાઈ ભાલીયા ને બીજી લાઈન અથવા બીજા ટ્રાન્સફોર્મર માંથી જોડાણ આપવું.

૩.૫ વાદી અરજદારને ૨૦૧૨ માં ખેતીવાડી વિજ જોડાણ આપવામાં આવેલ ત્યારે, પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર મુજબ વાદી એ વિજ જોડાણ ના ફીકસ ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– સીકયોરીટી ડિપોઝીટ રૂા.૧૨૫૩/– અને એગ્રીમેન્ટ ચાર્જ રૂા.૧૦૦/– ભરેલ. આ અંદાજપત્ર માં વાદી પાસેથી ટ્રાન્સફોર્મર માટે નો કોઈ ચાર્જ લેવામાં આવેલ નહી તેમજ વાદીને આપવામાં આવેલ વિજ જોડાણ નું ટ્રાન્સફોર્મર પીજીવીસીએલ ની માલીકી નું છે. જેમાંથી, પીજીવીસીએલ કોઈને પણ વિજ જોડાણ આપી શકે છે.

૩.૬ વાદીને આપવામાં આવેલ વિજ જોડાણ નું ટ્રાન્સફોર્મર વાદીની માલીકી નું નથી. તેમાંથી, પ્રતિવાદી તાંત્રિક શકયતા તપાસી, બીજા અરજદાર ને પણ કનેકશન આપી શકે છે. તેથી, વાદીએ કરેલ રજૂઆત અયોગ્ય છે અને વાદીની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૭ પ્રતિવાદીએ તેના જવાબમાં જણાવેલ છે કે, વાદીએ ૫.૦ એચ.પી.નો લોડ વધારો માંગેલ છે. આથી, હાલ હયાત ૧૦ કેવીએ નું ટ્રાન્સફોર્મર ને ૨૫ કેવીએ નું ટ્રાન્સફોર્મર કરી અને વાદીએ માંગેલ લોડ વધારો ચાલુ કરવામાં છે.

૩.૮ તારણ નં–૩.૬ માં જણાવ્યા મુજબ વાદીએ ફોરમ ને કરેલ રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી. તેમજ વાદી તા.૧૫/૧૧/૨૦૨૧ અને તા.૯/૧૨/૨૦૨૧ ના રોજ સુનાવણી માં હાજર રહેલ નથી. તેમજ કોઈ મુદત પણ માંગેલ નથી. આથી, એકપક્ષીય હુકમ કરવામાં આવે છે કે, વાદીની અરજી રદ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૯/૧૨/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar